# વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા

## જાહેરાત ક્રમાંક : ૧૦૯૯

વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકામાં અગ્નીશમન સેવાના કર્મચારીઓની ભરતી માટે નાયબ કમિશ્નર, મ્યુનીસીપાલીટી એડમીનીસ્ટ્રેશન, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર નં. કમિ./મ્યુનિ.એડી/મકમ-૧/ફા.નં.૧૬૪૨/ફાયર મહેકમ/વશી/૩૦૧૧/૨૦૧૯/૧૬૪૬૫, તા.૨૭/૧૨/૨૦૧૯થી મંજુર થયેલ જગ્યાઓ માટે મે. પ્રાદેશીક કમિશ્નર સાહેબ, ભાવનગરના તા.૧૭/૦૬/૨૦૨૦ના પત્ર નં.પ્રા.કમિ.ન.પા./મકમ/અગ્ની.સે.ભરતી-બઢતી/નિયમો/વશી/૫૭૦/૧૪૫૬/૨૦૨૦ થી ભરતી બઢતીના નિયમો મંજુર કરાવવામાં આવેલ છે. જે મુજબ લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયેથી ૩૦-દિવસ સુધીમાં અરજી કરવાની રહેશે. ઉમેદવારો માટૈની શૈક્ષણીક લાયકાત અને શારીરીક યોગ્યતા ધોરણો આ સાથે સામેલ છે. જે મુજબની યોગ્યતા ધરાવતા ઉમેદવારોએ અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા કચેરીની મહેકમ શાખામાં સંપર્ક કરવાનો રહેશે.

| અ.નં. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | વર્ગ | શૈક્ષણીક લાયકાત, ટેકનીકલ લાયકાત, અનુભવ તથા વયમર્યાદા | જનરલ |
|---|---|---|---|---|---|
| ૧ | નાયબ હિસાબનીશ | ૧ | ૩ | <u>(૧) શૈક્ષણીક લાયકાત :-</u><br>(ક) સીધી ભરતીથી પસંદગીમાં નિમણુંક થવા માટે માન્ય યુનિવર્સીટી / સંસ્થામાંથી બેચલર ઓફ બીઝનેશ એકમીનીસ્ટ્રેશન અથવા બેચલર ઓફ કોમર્સ અથવા બેચર ઓફ સાયન્સ (મેથેમેટીકસ / સ્ટેટીકસ) અથવા બેચલર ઓફ આર્ટસ (સ્ટેટીકસ / ઇકોનોમીકસ / મેથેમેટીકસ)ના સ્નાતક અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણીક લાયકાત ધરાવતા હોવા જોઇએ.<br>(ખ) કોમ્પ્યુટર બેઝીક નોલેજ તથા સી.સી.સી. પરીક્ષા પાસનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઇએ.<br>(ગ) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેની લાયકાત સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ. અથવા<br>(ઘ) ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ. અરજી કરવાના તબકકે ઉમેદવાર આવું પ્રમાણપત્ર ધરાવતા ના હોય તો પણ અરજી કરી શકેશે. પરંતુ નિમણુંક મેળવતા પહેલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા આવા ઉમેદવાર નિમણુંક મેળવ્યા બાદ અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાનું રહેશે.<br>(ચ) અંગ્રેજી અને ગુજરાતીમાં ડેટા એન્ટ્રીની કામની કલાક દીઠ ચોકસાઇ પુર્વક ૫૦૦૦ કિ ડિપ્રેશનથી ઓછી નહી તેટલી ઝડપ ધરાવતા હોવા જોઇએ.<br>(છ) ગુજરાતી અને હિન્દી અથવા બંને ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.<br>(૨) વયમર્યાદા :-<br>૨૮ વર્ષથી વધુ નહી (નગરપાલિકાઓમાં ફરજ બજાવતા કર્મચારીને લાગુ પડશે નહી) | ૧ |



Scanned with CamScanner

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | કલાર્ક | ૧ | ૩ | **(૧) શૈક્ષણીક લાયકાત :-**<br>(ક) સીધી ભરતીથી પસંદગીમાં નિમણુંક થવા માટે માન્ય યુનિવર્સીટીમાંથી સ્નાતક અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણીક લાયકાત ધરાવતા હોવા જોઇએ.<br>(ખ) કોમ્પ્યુટર બેઝીક નોલેજ તથા સી.સી.સી. પરીક્ષા પાસનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઇએ.<br>(ગ) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેની લાયકાત સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ. અથવા<br>(ઘ) ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ. અરજી કરવાના તબકકે ઉમેદવાર આવું પ્રમાણપત્ર ધરાવતા ના હોય તો પણ અરજી કરી શકેશે. પરંતુ નિમણુંક મેળવતા પહેલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા આવા ઉમેદવાર નિમણુંક મેળવવાપાત્ર ઠરશે નહી.<br>(ચ) અંગ્રેજી અને ગુજરાતીમાં ડેટા એન્ટ્રીની કામની કલાક દીઠ ચોકસાઇ પુર્વક ૫૦૦૦ કિ ડિપ્રેશનથી ઓછી નહી તેટલી ઝડપ ધરાવતા હોવા જોઇએ.<br>(છ) ગુજરાતી અને હિન્દી અથવા બંને ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.<br>(૨) વયમર્યાદા :-<br>૨૮ વર્ષથી વધુ નહી (નગરપાલિકાઓમાં ફરજ બજાવતા કર્મચારીને લાગુ પડશે નહી) | ૧ |

૧. ઉપરોકત જગ્યાઓ માટેની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી ૩૦-દિવસ સુધીમાં ચીફ ઓફીસરશ્રી, વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા, રાજેન્દ્ર ભુવન રોડ, વેરાવળ જી.ગીર સોમનાથ ખાતે ફકત રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે. અન્ય રીતે રજુ થયેલ અરજી રદ પાત્ર થશે.

૨. અરજદારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઇઝ ફોટા નંગ-૧, શાળા છોડયાનું પ્રમાણપત્ર, શૈક્ષણીક લાયકાતની સ્વ-પ્રમાણીત નકલ રજુ કરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારે જાતી અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૩. ઉપરોકત તમામ જગ્યાઓ માટે અરજી સાથે બિનઅનામત વર્ગના અરજદારે રૂા.૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફટ, ચીફ ઓફીસરશ્રી, વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકાના નામથી મોકલવાનો રહેશે. અનુસુચીત જાતિ, અનુસુચીત જનજાતિ તથા શૈક્ષણીક પછાત વર્ગ તથા આર્થીક નબળા વર્ગના ઉમેદવારે પડ કોઇ ફી ભરવાની રહેશે નહી. પરંતુ શૈક્ષણીક પછાત વર્ગના ઉમેદવારે શારીરીક શૈક્ષણીક રીતે પછાત વર્ગનું નોન ક્રીમીલીયરનું પ્રમાણપત્ર તથા આર્થીક નબળા વર્ગના ઉમેદવારે જાહેરાતની તારીખે માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્ર ફરજીયાત રજુ કરવાનું રહેશે તેના સીવાય અનામતના લાભો મળવાપાત્ર થશે નહી.

૪. અરજી કવર ઉપર જે જગ્યા માટે અરજી કરેલ હોય તે જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. દા.ત. " નાયબ એકાઉન્ટન્ટ તરીકેની અરજી "

૫. વયમર્યાદા સરકારશ્રીના નિતિ નિયમ મુજબની રહેશે. તેમજ અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રીના નિયમ મુજબ ઉંમરમાં છુટછાટ મળવાપાત્ર થશે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે નિયત શૈક્ષણીક લાયકાત જરૂરી તથા વયમર્યાદા ધરાવતા હોવા જોઇએ.



Scanned with CamScanner

૬. દરેક જગ્યા માટે ઉમેદવારે અલગથી અરજી કરવાની રહેશે. અરજદાર દ્વારા એકજ જગ્યા માટે બે અરજી કરવામાં આવે તો આખરી અરજી માન્ય રાખવામાં આવશે.

૭. એકજ અરજી પત્રકમાં એક કરતા વધુ જગ્યા માટે અરજી કરેલ હશે તો અરજીપત્ર રદ કરવામાં આવશે.

૮. અરજી પત્રક વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકાની મહેકમ શાખામાંથી રૂબરૂમાં https://veravalpatanjointmunicipality.org / https://enagar.gujarat.gov.in / ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

૯. અધુરી ફી, સમયમર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી અને આ અંગે કોઇ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

૧૦. આ જાહેરાત તથા સમગ્ર ભરતી પક્રીયામાં કોઇપણ કારણોસર ફેરફાર કરવાની કે સંપુર્ણ અથવા અંશતઃ રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાનો સંપુર્ણ અબાધિત હકક / અધિકાર રહેશે. નગરપાલિકા આ બાબતે કોઇ કારણો આપવા બંધાયેલ રહેશે નહી. જગ્યાઓની સંખ્યા અંદાજીત છે. જે ફેરફારને પાત્ર રહેશે.

૧૧. અનામત વર્ગનો ઉમેદવાર સામાન્ય જગ્યા ઉપર અરજી કરે છે તો અનામતના કોઇ લાભ મળવાપાત્ર રહેશે નહી અને સામાન્ય વર્ગના ઉમેદવાર તરીકેની શરતો લાગુ પડશે.

૧૨. સરકારશ્રીની નિતી અનુસાર વર્ગ-(૩) સંવર્ગના કર્મચારીઓની પ્રથમ નિમણુંક ૫(પાંચ) વર્ષના ફીકસ પગારથી કરવામાં આવશે. વર્ગ-(૩) સંવર્ગના કર્મચારીઓનો કરારીય સમયગાળો પુર્ણ થયેથી તેઓને નગરપાલિકાના પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર પગાર-ભથ્થા મળવાપાત્ર થશે.

૧૩. માન્યતા પ્રાપ્ત અરજીઓ મુજબના ઉમેદવારોની લેખીત સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

## લેખીત સ્પર્ધાત્મક કસોટી સીલેબસ

### (૧) નાયબ હિસાબનીશ

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | (૧) સામાન્ય વિજ્ઞાન (૨) ગુજરાતનો ઇતિહાસ (૩) ગુજરાતની ભૌગોલિક બાબતો તથા કુદરતી સંપતિ (૪) ગુજરાતની ખેતી અને ઉદ્યોગો (૫) ગુજરાતનો સાંસ્કૃતીક વારસો-સાહિત્ય, કલા, ધર્મ (૬) ખેલ જગત (૭) ગુજરાતની રાજનીતી (૮) પંચાયતી રાજ (૯) મહાગુજરાત આંદોલન-સ્થાપના અને ત્યારબાદની મહત્વની ઘટનાઓ (૧૦) વિવિધ ક્ષેત્રે દેશમા મહિલાઓનો ફાળો (૧૧) ભારતનું બંધારણ (૧૨) તાજેતરના મહત્વના રાષ્ટ્રીય / આંતરાષ્ટ્રીય મુદાઓ / બનાવો (૧૩) પર્યાવરણ (૧૪) સરકારી યોજનાઓ (૧૫) ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિગેરે | ૭૫ | ૧૨૦ મીનીટ |
| ૨ | ગુજરાતી વ્યાકરણ | ૧૫ | |
| 3 | અંગ્રેજી વ્યાકરણ | ૧૦ | |



Scanned with CamScanner

| | | | |
|---|---|---|---|
| ૪ | (૧) નામા પધ્ધતી (૨) આંકડાશાસ્ત્ર (૩) ગણીત (૪) અર્થાશાસ્ત્ર-ગુજરાત અને દેશની અર્થ વ્યવસ્થા (૫) જાહેર વહીવટ (૬) સામાન્ય બૌધિક કસોટી (૭) કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન વિગેરેનો સમાવેશ થશે | ૫૦ | |
| | કુલ ગુણ | ૧૫૦ | |

(૨) **કલાર્ક**

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | (૧) સામાન્ય વિજ્ઞાન (૨) ગુજરાતનો ઇતિહાસ (૩) ગુજરાતની ભૌગોલિક બાબતો તથા કુદરતી સંપતિ (૪) ગુજરાતની ખેતી અને ઉદ્યોગો (૫) ગુજરાતનો સાંસ્કૃતીક વારસો-સાહિત્ય, કલા, ધર્મ (૬) ખેલ જગત (૭) ગુજરાતની રાજનીતી (૮) પંચાયતી રાજ (૯) મહાગુજરાત આંદોલન-સ્થાપના અને ત્યારબાદની મહત્વની ઘટનાઓ (૧૦) વિવિધ ક્ષેત્રે દેશમા મહિલાઓનો ફાળો (૧૧) ભારતનું બંધારણ (૧૨) તાજેતરના મહત્વના રાષ્ટ્રીય / આંતરાષ્ટ્રીય મુદાઓ / બનાવો (૧૩) પર્યાવરણ (૧૪) સરકારી યોજનાઓ (૧૫) ડીઝાસ્ટર મેનેજમેન્ટ (૧૬) જાહેર વહીવટ (૧૭) સામાન્ય બૌધિક કસોટી (૧૮) કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન વિગેરે | ૧૦૦ | ૧૨૦ મીનીટ |
| ૨ | ગુજરાતી વ્યાકરણ | ૨૫ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૨૫ | |
| | કુલ ગુણ | ૧૫૦ | |

૧૪. ભરતી અંગેની માહીતી વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકાના નોટીસ બોર્ડ ઉપર તથા https://veravalpatanjointmunicipality.org તથા https://enagar.gujarat.gov.in વેબસાઇટ પરથી મેળવી શકાશે.

૧૫. લેખીત પરીક્ષા સંભવિત આગામી માસમાં યોજવામાં આવશે.

૧૬. જાહેરાતમાં આપેલ ફોર્મ નમુના રૂપે આપવામાં આવેલ છે. તેમાં બીડાણ કરવાના જરૂરી ડોકયુમેન્ટની વિગત ડીટેઇલ જાહેરાતમાંથી મેળવી લેવા વિનંતી.

તા.૧૯/૦૭/૨૦૨૧

સ્થળ : વેરાવળ

સભ્ય સચિવ
પસંદગી સમિતિ અને ચીફ ઓફીસર
વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા

MAHEKAM 19-7-2021 (CLERK & HISABNISH) BHARATI

Scanned with CamScanner